BUSINESS મિત્ર Plus

# માર્કેટના ઉતાર-ચઢાવ વચ્ચે મ્યુચ્યુઅલ ફંડમાં ફેક્ટર ઇન્વેસ્ટિંગની સમજ કેળવો



શા માટે સૌથી મજબૂત પોર્ટફોલિયો કોઈ એક વ્યૂહરચનાની આસપાસ નથી બનતા, પરંતુ એવી કેટલીક વ્યૂહરચનાઓ દ્વારા બને છે જે વારાફરતી આગળ રહે છે.

**ફેક્ટર ઇન્વેસ્ટિંગ એટલે શું?**

હાલમાં જ સંપન્ન થયેલી આઇપીએલમાં જો તમે આ સીઝનની કોઈ પણ મેચ જોઈ હશે, તો તમે આ પદ્ધતિને સરળતાથી સમજી શકશો. એક વિજેતા ટીમ ક્યારેય માત્ર એક જ પ્રકારના ખેલાડીથી નથી બનતી. તમારે એક સતત રન બનાવનાર ઓપનર, એક આક્રમક મિડલ ઓર્ડર બેટ્સમેન, દબાણની સ્થિતિને સંભાળી શકે તેવો બોલર અને છેલ્લી ઓવરોમાં મેચ જીતાડનાર ફિનિશરની જરૂર પડે છે. દરેક ખેલાડીની પસંદગી એક ખાસ ભૂમિકા માટે થાય છે અને બધા ભેગા મળીને એકબીજાની નબળાઈઓને ઢાંકે છે.

તમારા પોર્ટફોલિયોમાં પણ આ પદ્ધતિ બિલકુલ આ જ રીતે કામ કરે છે. માત્ર મોટી કંપનીઓ ખરીદવા અથવા ફંડ મેનેજરના અંદાજ પર ભરોસો કરવાને બદલે, આ પદ્ધતિમાં કંપનીના ચોક્કસ અને માપી શકાય તેવા લક્ષણોના આધારે શેરની પસંદગી કરવામાં આવે છે, જેને 'ફેક્ટર્સ' (મુખ્ય તત્વો) કહેવાય છે. આ લક્ષણોએ લાંબા ગાળે વધુ સારું વળતર આપ્યું હોવાનો ઇતિહાસ છે.

આ અભિગમ બે જાણીતી પદ્ધતિઓની વચ્ચેનો રસ્તો છે. ઇન્ડેક્સ ફંડની જેમ, આમાં પણ અગાઉથી નક્કી કરેલા નિયમો હોય છે અને કોઈ અટકળબાજી હોતી નથી.

**ફેક્ટર ઈન્વેસ્ટિંગ એ ટૂંકા ગાળાની વ્યૂહરચના નથી. તે ભારતીય બજારના ૨૧ વર્ષના ઈતિહાસના આંકડાઓ પર આધારિત, નિયમોને આધિન લાંબા ગાળાનો અભિગમ છે**

પરંતુ સામાન્ય ઇન્ડેક્સ ફંડની જેમ માત્ર કંપનીના કદના આધારે બધા શેર ખરીદવાને બદલે, આમાં શેરના ખાસ લક્ષણો પર વધુ ધ્યાન આપવામાં આવે છે. ભારતીય શેરબજારમાં આવા ચાર મુખ્ય લક્ષણોનો વ્યાપક અભ્યાસ કરવામાં આવ્યો છે: મોમેન્ટમ (તેજીની દિશા), વેલ્યુ (સાચું મૂલ્ય), ક્વોલિટી (ગુણવત્તા), અને લો વોલેટિલિટી (ઓછી વધ-ઘટ).

**ચાર મુખ્ય લક્ષણોની સરળ સમજૂતી**

» મોમેન્ટમ - ટ્રેન્ડને અનુસરનાર: જે શેર મજબૂતીથી વધી રહ્યા છે, તે થોડા સમય માટે વધતા રહે છે. તે શાનદાર ફોર્મમાં રહેલા બેટ્સમેન જેવું છે, જેના આત્મવિશ્વાસનો લાભ ટીમને મળે છે. પરંતુ જ્યારે બજારની સ્થિતિ બદલાય ત્યારે આમાં મોટો ઘટાડો પણ આવી શકે છે.

વેલ્થ ક્રિએશન ■ N J ઈન્ડિયા ઈન્વેસ્ટ પ્રા. લિ.

» વેલ્યુ - ધીરજ રાખનાર વિરોધી પ્રવાહ: એવી સારી કંપનીઓ ખરીદવી જે બજારની પરિસ્થિતિને કારણે કામચલાઉ ધોરણે ખૂબ સસ્તી કિંમતે મળતી હોય. આ કેન્સરની બીમારીમાંથી સાજા થયા પછી યુવરાજ સિંહને ટીમમાં રાખવા જેવું છે; તે સમયે ભલે તે લોકપ્રિય ન હતું, પરંતુ જેમણે ભરોસો રાખ્યો તેમને મોટું ઇનામ મળ્યું.

» ક્વોલિટી સ્થિરતાની શોધ: આર્થિક રીતે મજબૂત અને સારું સંચાલન ધરાવતી કંપનીઓ ખરીદવી જે તમામ પરિસ્થિતિઓમાં ટકી રહે છે. આ મુશ્કેલ પિચો માટે ભરોસાપાત્ર ખેલાડીઓ પસંદ કરવા જેવું છે, જેઓ કદાચ બહુ આકર્ષક ન લાગે, પરંતુ મુશ્કેલ સમયમાં ક્યારેય નિરાશ કરતા નથી.

» લો વોલેટિલિટી - શાંત સવારી: એવા શેરોમાં રોકાણ કરવું જે બજારના ઘટાડા દરમિયાન ઓછા હલબલે છે અને ઓછા ઘટે છે. આ એક એવી સંતુલિત ટીમ જેવું છે જે કદાચ સૌથી ઝડપી રન ન બનાવે, પરંતુ દબાણમાં ક્યારેય વેરવિખેર થતી નથી.

દરેક લક્ષણની પોતાની એક સીઝન (સમયગાળો) હોય છે. જ્યારે બજારમાં મજબૂત તેજી હોય ત્યારે મોમેન્ટમ સારું ચાલે છે. બજાર જ્યારે મંદીમાંથી બહાર આવી રહ્યું હોય ત્યારે વેલ્યુ સારું પ્રદર્શન કરે છે. અનિશ્ચિતતાના સમયમાં ક્વોલિટી ચમકે છે. અને જ્યારે બજાર ઘટી રહ્યું હોય ત્યારે લો વોલેટિલિટી સૌથી વધુ રક્ષણ આપે છે. કોઈ એક સિંગલ લક્ષણ બધી પરિસ્થિતિઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકતું નથી - આ આ લેખની સૌથી મહત્વની સમજ છે.

**આંકડા શું દર્શાવે છે? ૨૧ વર્ષના પુરાવા**

એપ્રિલ ૨૦૦૫ થી માર્ચ ૨૦૨૬ વચ્ચેના સમયગાળામાં - જેમાં અનેક મોટા ઘટાડા, સુધારા અને તમામ પ્રકારના ઉતાર-ચઢાવ સામેલ છે - દરેક લક્ષણનું પ્રદર્શન નીચે મુજબ રહ્યું છે.

નીચેનું કોષ્ટક એપ્રિલ ૨૦૦૫ થી માર્ચ ૨૦૨૬ વચ્ચેના દૈનિક રોલિંગ રિટર્નના આધારે મુખ્ય લક્ષણો અને વ્યાપક બજારના ઇન્ડેક્સની સરખામણી દર્શાવે છે.

| સૂચકાંક (ઇન્ડેક્સ) | સરેરાશ રોલિંગ વળતર (%) - ૩ વર્ષ | સરેરાશ રોલિંગ વળતર (%) - ૫ વર્ષ | સરેરાશ રોલિંગ વળતર (%) - ૧૦ વર્ષ | નકારાત્મક અવલોકનો (%) - ૩ વર્ષ | નકારાત્મક અવલોકનો (%) - ૫ વર્ષ | મહત્તમ ઘટાડો (%) |
|---|---|---|---|---|---|---|
| નિફ્ટી ૫૦૦ લો વોલેટિલિટી ૫૦ - ટીઆરઆઈ | ૧૬.૧૨ | ૧૫.૮૩ | ૧૫.૪૩ | ૦.૪૧ | ૦.૦૦ | -૪૮.૨૬ |
| નિફ્ટી ૫૦૦ ક્વોલિટી ૫૦ - ટીઆરઆઈ | ૧૬.૯૩ | ૧૬.૭૭ | ૧૬.૧૫ | ૩.૨૦ | ૦.૦૩ | -૫૩.૬૦ |
| નિફ્ટી ૫૦૦ મોમેન્ટમ ૫૦ - ટીઆરઆઈ | ૧૯.૮૦ | ૨૧.૯૫ | ૨૦.૧૦ | ૩.૫ canvas | ૧.૬૬ | -૭૦.૨૪ |
| નિફ્ટી ૫૦૦ વેલ્યુ ૫૦ - ટીઆરઆઈ | ૧૭.૧૪ | ૧૪.૭૫ | ૧૪.૨૮ | ૩.૬૫ | ૧૮.૪૨ | -૬૬.૦૬ |
| નિફ્ટી ૧૦૦ - ટીઆરઆઈ | ૧૩.૧૭ | ૧૩.૫૪ | ૧૨.૯૭ | ૨.૮૬ | ૦.૦૩ | -૬૧.૦૮ |
| નિફ્ટી મિડકેપ 9skip ૫૦ - ટીઆરઆઈ | ૧૭.૮૨ | ૧૬.૪૧ | ૧૬.૬૪ | ૯.૫૯ | ૦.૮૭ | -૭.૮૯ |
| નિફ્ટી સ્મોલકેપ ૨૫૦ - ટીઆરઆઈ | ૧૬.૬૪ | ૧૩.૬૭ | ૧૪.૩૨ | ૧૭.૧૧ | ૭.૩૬ | -૭૫.૫૬ |
| નિફ્ટી ૫૦૦ - ટીઆરઆઈ | ૧૩.૫૪ | ૧૩.૬૨ | ૧૩.૩૦ | ૬.૨૧ | ૧.૦૧ | -૬૩.૭૧ |

*માહિતી માર્ચ ૨૦૨૬ સુધીની છે. સ્ત્રોત: એસીઇએમએફ (ACEMF). ભૂતકાળનું પ્રદર્શન ભવિષ્યના વળતરની ગેરંટી આપતું નથી.*

માહિતી માર્ચ ૨૦૨૬ સુધીની છે. સ્ત્રોત: એસીઇએમએફ (ACEMF). ભૂતકાળનું પ્રદર્શન ભવિષ્યના વળતરની ગેરંટી આપતું નથી.

આ આપણને શું કહે છે દરેક ફેક્ટરે લાંબા ગાળા દરમિયાન સામાન્ય નિફ્ટી ૧૦૦ અને નિફ્ટી ૫૦૦ કરતાં ચડિયાતું પ્રદર્શન કર્યું છે. મોમેન્ટમે સૌથી વધુ વળતર આપ્યું પરંતુ તેમાં સૌથી મોટો ઘટાડો પણ જોવા મળ્યો. લો વોલેટિલિટી અને ક્વોલિટીએ ઘણા ઓછા નકારાત્મક ગાળા સાથે મજબૂત વળતર આપ્યું. આ તરાહ સ્પષ્ટ છે: ઉચ્ચ વળતરની સંભાવના વધુ જોખમ સાથે આવે છે. કોઈ એક ફેક્ટર તમામ પરિસ્થિતિઓમાં જીતતું નથી.

દર વર્ષે નેતૃત્વ સતત બદલાતું રહે છે - આ લેખનું સૌથી મહત્વનું કોષ્ટક નીચે મુજબ છે.

| ૨૦૧૬ | ૨૦૧૭ | ૨૦૧૮ | ૨૦૧૯ | ૨૦૨૦ | ૨૦૨૧ | ૨૦૨૨ | ૨૦૨૩ | ૨૦૨૪ | ૨૦૨૫ | ૨૦૨૬* |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વેલ્યુ ૨૩.૩ | મોમેન્ટમ ૬૯.૫૧ | લો વોલેટિલિટી ૭.૨૦ | નિફ્ટી ૧૦૦ ૧૧.૪૪ | ક્વોલિટી ૨૭.૩૦ | મોમેન્ટમ ૭૬.૮૬ | વેલ્યુ ૨૩.૧૬ | વેલ્યુ ૬૨.૬૦ | મોમેન્ટમ ૨૬.૫૧ | વેલ્યુ ૧૬.૬૬ | વેલ્યુ -૩.૮૭ |
| મિડકેપ ૫.૪૭ | સ્મોલકેપ ૫૮.૪૭ | નિફ્ટી ૧૦૦ ૩.૩૯ | નિફ્ટી ૫૦૦ ૮.૬૪ | સ્મોલકેપ ૨૫.૫૫ | સ્મોલકેપ ૬૧.૪ | લો વોલેટિલિટી ૭.૩૧ | સ્મોલકેપ ૪૯.૦૯ | સ્મોલકેપ ૨૬.૪૨ | લો વોલેટિલિટી ૧૫.૫૧ | લો વોલેટિલિટી -૧૦.૫૮ |
| નિફ્ટી ૫૦૦ ૪.૬૮ | મિડકેપ ૫૫.૭૩ | નિફ્ટી ૫૦૦ -૧.૫૫ | મોમેન્ટમ ૮.૬૧ | મિડકેપ ૨૫.૧૨ | વેલ્યુ ૫૪.૬૬ | નિફ્ટી ૧૦૦ ૪.૦૦ | મોમેન્ટમ ૪૭.૭૧ | મિડકેપ ૨૩.૭૬ | નિફ્ટી ૧૦૦ ૯.૭૯ | ક્વોલિટી -૧૧.૦૭ |
| નિફ્ટી ૧૦૦ ૪.૬૬ | વેલ્યુ ૪૭.૦૨ | ક્વોલિટી -૨.૦૧ | લો વોલેટિલિટી ૮.૧૭ | લો વોલેટિલિટી ૨૪.૧૦ | મિડકેપ ૪૬.૪૮ | નિફ્ટી ૫૦૦ ૪.૨૫ | મિડકેપ ૪૪.૬૧ | ક્વોલિટી ૨૩.૦૩ | નિફ્ટી ૫૦૦ ૭.૨૫ | મિડકેપ -૧૨.૯૯ |
| લો વોલેટિલિટી ૧.૯૧ | નિફ્ટી ૫૦૦ ૩૭.૬૫ | મોમેન્ટમ -૧૦.૮૮ | ક્વોલિટી ૧.૮૦ | મોમેન્ટમ ૨૦.૮૭ | નિફ્ટી ૫૦૦ ૩૦.૯૫ | મિડકેપ ૩.૯૧ | ક્વોલિટી ૪૧.૯૫ | વેલ્યુ ૧૯.૨૫ | મિડકેપ ૫.૪૬ | મોમેન્ટમ -૧૩.૦૬ |
| ક્વોલિટી ૦.૫૪ | ક્વોલિટી ૩૩.૬૨ | મિડકેપ -૧૨.૪૯ | મિડકેપ ૦.૫૮ | નિફ્ટી ૫૦૦ ૧૭.૭ | ક્વોલિટી ૨૯.૧૪ | સ્મોલકેપ -૨.૬૪ | લો વોલેટિલિટી ૩૩.૪૪ | નિફ્ટી ૫૦૦ ૧૬.૦૦ | ક્વોલિટી -૩.૪૧ | નિફ્ટી ૫૦૦ -૧૪.૦૨ |
| સ્મોલકેપ ૦.૫૨ | નિફ્ટી ૧૦૦ ૩૨.૮૦ | વેલ્યુ -૨૬.૪૨ | સ્મોલકેપ -૭.૫૯ | નિફ્ટી ૧૦૦ ૧૫.૯૭ | નિફ્ટી ૧૦૦ ૨૬.૦૩ | ક્વોલિટી -૨.૮૨ | નિફ્ટી ૫૦૦ ૨૬.૯૧ | લો વોલેટિલિટી ૧૫.૯૯ | સ્મોલકેપ -૬.૩૦ | સ્મોલકેપ -૧૪.૧૯ |
| મોમેન્ટમ -૧.૫૫ | લો વોલેટિલિટી ૩૧.૭૪ | સ્મોલકેપ -૨૬.૫૪ | વેલ્યુ -૧૩.૦૭ | વેલ્યુ ૮.૧૪ | લો વોલેટિલિટી ૨૦.૧૧ | મોમેન્ટમ -૭.૫૯ | નિફ્ટી ૧૦૦ ૨૧.૨૪ | નિફ્ટી ૧૦૦ ૧૨.૮૭ | મોમેન્ટમ -check | નિફ્ટી ૧૦૦ -૧૪.૨૭ |

**માહિતી માર્ચ ૨૦૨૬ સુધીની છે. સ્ત્રોત: એસીઇએમએફ (ACEMF). ફક્ત ઉદાહરણ માટે.*

નીચે મુજબ છે. તે દર્શાવે છે કે ૨૦૧૬ થી ૨૦૨૬ સુધીના દરેક વર્ષમાં કયું લક્ષણ પ્રથમ ક્રમે અને કયું છેલ્લી ક્રમે રહ્યું હતું:

મોમેન્ટમ તરફ જુઓ - તે ૨૦૧૭ (+૬૯.૫%) અને ૨૦૨૧ (+૭૬.૯%) માં સૌથી શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર હતું, પરંતુ ૨૦૨૨ અને ૨૦૨૫ માં તે સૌથી ખરાબ સાબિત થયું. વેલ્યુ ૨૦૧૬, ૨૦૨૨, ૨૦૨૩ અને ૨૦૨૫ માં મોખરે હતું, પરંતુ ૨૦૧૯ અને ૨૦૨૦ માં તે સૌથી પાછળ રહ્યું. કોઈ પણ એક લક્ષણ સતત ટોચ પર રહ્યું નથી.

રોકાણકારો માટે પાઠ સ્પષ્ટ છે: ગયા વર્ષના સૌથી શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા લક્ષણની પાછળ દોડવું એ નબળું વળતર મેળવવાનો સૌથી પાકો રસ્તો છે. તમે જે લક્ષણને તેની તેજીના શિખરે ખરીદો છો, તે ઘણીવાર બીજા કોઈને નેતૃત્વ સોંપવાની તૈયારીમાં હોય છે.

જે રોકાણકાર એવો અંદાજ લગાવવાનો પ્રયત્ન કરે છે કે હવે પછી કયું લક્ષણ આગળ રહેશે, તે એવી રમત રમી રહ્યો છે જેમાં કોઈ કાયમી વિજેતા નથી હોતું. જ્યારે જે રોકાણકાર એકસાથે બહુવિધ લક્ષણો પોતાના પોર્ટફોલિયોમાં રાખે છે, તે એક તદ્દન અલગ અને સમજદારીભરી રમત રમે છે.

**લક્ષણોનું મિશ્રણ શા માટે જરૂરી છે?**

કોઈ એક સિંગલ ફેક્ટર બધી પરિસ્થિતિઓમાં સારું પ્રદર્શન કરી શકતું નથી, તેથી વિવિધ લક્ષણોને ભેગા કરવાથી કોઈ એક વ્યૂહરચના પરની નિર્ભરતા ઘટી જાય છે. જ્યારે મોમેન્ટમ સંઘર્ષ કરી રહ્યું હોય, ત્યારે ક્વોલિટી અથવા લો વોલેટિલિટી પોર્ટફોલિયોને સંભાળી શકે છે. જ્યારે વેલ્યુનો સમય સારો ન હોય, ત્યારે મોમેન્ટમ આગળ વધી શકે છે. સાથે મળીને, તેઓ બજારના તમામ ચક્રોમાં રોકાણનો વધુ સંતુલિત અનુભવ પૂરો પાડે છે અને રોકાણકારો માટે બજારમાં લાંબો સમય ટકી રહેવું ઘણું સરળ બનાવે છે.

ફેક્ટર ઇન્વેસ્ટિંગ એ ટૂંકા ગાળાની વ્યૂહરચના નથી. તે ભારતીય બજારના ૨૧ વર્ષના ઇતિહાસના આંકડાઓ પર આધારિત, નિયમોને આધિન લાંબા ગાળાનો અભિગમ છે. તેની તાકાત આજે કયું લક્ષણ શ્રેષ્ઠ છે તે શોધવામાં નથી - પરંતુ બજારના તમામ ચક્રો દરમિયાન રોકાણબદ્ધ રહેવામાં અને શિસ્તબદ્ધ, વૈવિધ્યસભર પોર્ટફોલિયોને સમય સાથે ધીમે-ધીમે વધવા દેવામાં છે.

તમારી ચોક્કસ નાણાકીય જરૂરિયાતોને અનુરૂપ લાંબા ગાળાના ઇક્વિટી પોર્ટફોલિયોના ભાગ રૂપે આ ફેક્ટર-આધારિત ફંડ્સને કેવી રીતે સામેલ કરી શકાય તે સમજવા માટે તમારા મ્યુચ્યુઅલ ફંડ વિતરક સાથે વાત કરો.

(મ્યુચ્યુઅલ ફંડના રોકાણો બજારના જોખમોને આધીન છે, યોજના સંબંધિત તમામ દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો. રોલિંગ રિટર્નનું વિશ્લેષણ એપ્રિલ ૨૦૦૫ થી માર્ચ ૨૦૨૬ સુધીનું છે. ભૂતકાળનું પ્રદર્શન ભવિષ્યના વળતરની ગેરંટી આપતું નથી. તમામ આંકડા અને ઉદાહરણો માત્ર શૈક્ષણિક હેતુ માટે છે.)

# પશ્ચિમ એશિયાના યુદ્ધની અસરઃ ચાલુ વર્ષે નાના ઉદ્યોગોના નફા પર મોટો ફટકો પડ્યો

ઇરાન, ઈઝરાયેલ તથા અમેરિકા વચ્ચે ફેબ્રુઆરી મહિનાથી યુદ્ધ ચાલી રહ્યું છે, યુદ્ધ વિરામ માટે અનેક પ્રયાસો લાવી રહ્યા છે. જેના પરિણામે પશ્ચિમ એશિયામાં સેન્ટિમેન્ટ ખરાબ થઈ ચુક્યું છે, જેની અસર ભારતના નાના અને મધ્યમ ઉદ્યોગોને મુશ્કેલી પડી શકે છે. આ વર્ષે ઘણી ફેક્ટરીઓનું વેચાણ ઘટી શકે છે અને નફો પણ ઓછો થઈ શકે છે.

પશ્ચિમ એશિયાના તણાવના લીધે સૌથી મોટો ફટકો કાચા માલ ઉપર પડી રહ્યો છે, જેની કિંમતમાં મોટો ઉછાળો આવ્યો છે અને આ આ ઉછાળાના કારણે ફિનિશ્ડ ગુડઝની કિંમત વધી જવા પામી છે. જેની અસર જુના ઓર્ડર ઉપરાંત નવા ઓર્ડર ઉપર પડી રહી છે. આમ, માર્જિનને મોટી અસર પડતા નાના અને મધ્યમ ઉદ્યોગોના નફાને ફટકો પડ્યો છે.

રેટિંગ એજન્સી ક્રિસિલના રિપોર્ટ અનુસાર, આ વિસ્તારમાં ચાલતી અસ્થિરતાથી નાના ઉદ્યોગોની આવક વૃદ્ધિ લગભગ એક ટકા ઘટી શકે છે અને નફાની કમાણી પર પણ એક ટકા સુધીનો ફટકો પડી શકે છે. રેડ સીમાં જહાજોના માર્ગમાં અડચણ, વધતા પેટ્રોલ-ડિઝલના ભાવ અને તેલની અનિશ્ચિત કિંમતોને કારણે નિકાસ કરતા નાના ઉદ્યોગોને નુકસાન થઈ



રહ્યું છે. ટાઈલ્સ, કાચની વસ્તુઓ, કપડાં, હીરા અને રસાયણિક વસ્તુઓ જેવા ઘણા ઉત્પાદનો માટે પશ્ચિમ એશિયા સારૂ બજાર છે. યુદ્ધને કારણે માલ મોકલવામાં વિલંબ થાય છે અને ખર્ચ વધે છે, જેની સીધી અસર નાના વ્યવસાયો પર પડે છે.

**સુરત સહિત રાજ્યભરમાં હીરા, સિરામીક, કાચ, કપડા અને રસાયણિક ઉદ્યોગોને સૌથી વધુ નુકસાન થશે**

આ તણાવની અસર મુખ્ય ચાર ઔદ્યોગિક વિસ્તારોને સૌથી વધુ મુશ્કેલીનો સામનો કરવો પડશે. જેમાં ગુજરાતના મોરબીનો સિરામીક ઉદ્યોગને અસર પડી શકે છે. ખાસ કરીને ગેસ સપ્લાયમાં ઘટાડાને કારણે અનેક ઉદ્યોગોના ઉત્પાદન પર સીધી અસર પડી છે અને કર્મચારીઓ તેમના વતન જવા રવાના થઈ રહ્યા હોવાથી મજુરોની અછત સર્જાઇ રહી છે.

સિરામિક ટાઈલ્સ માટે જાણીતું આ વિસ્તાર પશ્ચિમ એશિયામાં ઘણો માલ મોકલે છે. ઉર્જા અને માલવહનના વધતા ખર્ચથી વેચાણ અને નફા બંનેને નુકસાન થઈ શકે છે.

જ્યારે સુરત શહેર કે જે હીરા પોલિશિંગ અને કપડાના કારખાનાઓ પશ્ચિમ એશિયા સાથે સારો વેપાર કરે છે. વધતા ખર્ચ અને ક્રુડ ઓઈલના ભાવમાં વધઘટથી મુશ્કેલીમાં છે. જ્યારે વડોદરા કે જે કેમિકલ્સ અને ફાર્મા ઔદ્યોગિક વિસ્તાર છે. જેને રસાયણિક અને દવા સંબંધિત નાના કારખાનાઓને માલ મોકલવાનો ખર્ચ વધ્યો છે અને નાણાની તંગી પણ વધી છે. આમ, મોરબી, સુરત અને અમદાવાદ જેવા મુખ્ય ઔધ્યોગિક વિસ્તારોમાં ઉત્પાદન પર ભારે અસર જોવા મળી રહી છે.

આ ઉપરાંત, રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં પણ કામ ધીમું પડ્યું છે. અમદાવાદમાં લગભગ 4 લાખ બાંધકામ મજુરોમાથી 80 ટકા સ્થાળાંતરિત છે. હોળી પછી માત્ર 60 ટકા મુજરો પાછા ફર્યા છે. કૌશલ્ય ધરાવતા મજુરોને રોજના 900થી 1000 રૂપિયા ચુકવવા પડે છે. ટાઈલ્સ, પાઈપ્સ અને એલ્યુમિનિયમ જેવી સામગ્રીની અછતને કારણે પ્રોજેક્ટોમાં વિલંબ થઈ રહ્યો છે.

આમાંના ઘણા નાના વ્યવસાયો પહેલેથી જ ઓછા નફા પર કામ કરે છે. વધેલો ખર્ચ ગ્રાહકોને આપવો તેમને માટે મુશ્કેલ છે.

ભારતમાં અંદરની માંગ તો સારી છે, પણ વિદેશમાં માલ મોકલતા નાના ઉદ્યોગોને સૌથી વધુ નુકસાન થઈ રહ્યું

ઓફ-બીટ

છે. નાના વ્યવસાયોએ યુરોપ, અમેરિકા અને દક્ષિણ-પૂર્વ એશિયા જેવા નવા દેશોમાં વેપાર વધારવો જોઈએ, માલની સપ્લાય સુધારવી જોઈએ અને સ્ટોક સારી રીતે સંભાળવો જોઈએ.

ઉદ્યોગના આગેવાનોએ સરકારને વિનંતી કરી છે કે આ વિસ્તારોને મદદ કરવા સરળ લોન અને વધુ સારા નિકાસ પ્રોત્સાહન આપવામાં આવે, જેથી આ મુશ્કેલ સમય પાર કરી શકાય.

# મોંઘવારીનો ફફડાટ, શેરબજારમાં ગભરાટ ફેલાવશે

વિશ્વભરમાં યુદ્ધના ભણકારા શાંત થવાના બદલે વધુ ભડકી રહ્યા છે અને ફરીથી યુદ્ધ ગંભીર સ્વરૂપ ધારણ કરી શકે છે, ત્યારે ફરી એકવાર હોર્મુઝ સ્ટ્રીટ ખોરંભાશે અને ક્રુડ ઓઈલના ભાવમાં ભડકો થઈ શકે છે. જેનાથી સોના-ચાંદી અને ઈક્વિટીના ભાવોમાં ઘટાડો આવી શકે છે. ઈરાન સામેના જંગમાં સીધી રીતે સફળ નહીં થતાં ડોનાલ્ડ ટ્રમ્પ હવે ફરી એકવાર ટેરિફ વોરનો મોરચો શરૂ કરશે. જેથી ચોતરફી આર્થિક સંકટ ઉભુ થશે, જેનું મુખ્ય કારણ મોંઘવારી દર બની જશે. અમેરિકી ડોલરની સર્વોપરિતા સામે સવાલો ઉભા થઈ રહ્યા હોવાથી ટ્રમ્પ શાસન વિશ્વના બજારોને હચમચાવવાની શુક્રવારથી શરૂઆત કરી દીધી હોવાનું સ્પષ્ટ જોવાઈ રહ્યું છે.

પેપર એસેટસથી વિશ્વને સોના-ચાંદી જેવી એસેટસની ખરીદી તરફ વળવા મજબૂર કરીને સેન્ટ્રલ બેન્કોએ કરેલી મોટી ખરીદી હવે આ એસેટસના ભાવોમાં કડાકો બોલાવીને દેશોની આર્થિક તંદુરસ્તી બગડવાની શરૂઆત થઈ છે. જેના કારણે વિશ્વબજારોમાં જે ધબકડો બોલાયો એ સારા સંકેત નથી.

અમેરિકાના રોજગારીના મે મહિનાના આંકડા અત્યંત પ્રોત્સાહક અપેક્ષાથી બમણા આવતા યુએસ ફેડરલ રિઝર્વ હવે વ્યાજદર વધારશે એવી વાતોએ અમેરિકન બજારોમાં જ કડાકો બોલાયો છે, ત્યારે ફેડરલ રિઝર્વનો ઉપયોગ કરીને અમેરિકી



શાસન વિશ્વ બજારમાં નવી અંધાધૂધી સર્જવાની શરૂઆત કરી દીધાના સ્પષ્ટ સંકેત છે. બીજી તરફ, અમેરિકા પણ ઈરાન સાથે મળીને આગામી દિવસોમાં વિશ્વ પાસેથી વસુલી શરૂ કરવાનો ઈરાદો ધરાવતું હોઈ ભારત, ચાઈના સહિતના મોટી આયાત પર નિર્ભર દેશો માટે સંટ વધવાના એંધાણ છે. ભારતનું આયાત બિલ

માર્કેટ વોચ

આગામી દિવસોમાં જંગી વધવાની પુરી શક્યતા છે. આ અંદેશો મેળવી ગયેલી કેન્દ્ર સરકારે પહેલાં જ ફોરેક્સ રિઝર્વ બચાવવા પેટ્રોલ-ડિઝલના વપરાશ પર અંકુશ મુકવા, સોના-ચાંદીની ખરીદી પરના નિયંત્રણો અને વિદેશ પ્રવાસ પર રોક લગાવવા કરેલી અપીલ સહિતના પગલાં બાદ હવે રિઝર્વ બેન્કે દેશમાં વિદેશી હુંડિયામણ ફરી આવે અને શેરોમાં વિદેશી રોકાણકારોની વેચવાલી અટકે એ માટે પ્રોત્સાહનના પગલાં લીધા છે. ખાસ કરીને એનઆરઆઈનો ફલો ભારત તરફ વળે અને વિદેશી રોકાણકારોનો આઉટફલો અટકે તે માટેના પ્રયાસો કરવામાં આવ્યા છે. જેથી ડોલરની માગમાં ઘટાડો થાય અને ફોરેક્સ રિઝર્વમાં ઘટાડો અટકે.

**રૂપિયાને તૂટતો અટકાવવા યુદ્ધના ધોરણે પગલાં છતાં મોટી ઉથલપાથલની સંભાવના**

આ ઉપરાંત, સરકાર આયાતની સામે નિકાસ વધારવા ઉપર પણ જોર આપી રહી છે, પણ કાચા માલની અછત અને ભાવ વધારાની અસર જોવાઇ રહી છે, જેથી નિકાસને પણ અસર પડી રહી છે.

અલનીનોનો ખતરો પણ ભારતીય શેરબજારને હચમચાવી શકે છે. જેનાથી જે પાક ઉત્પાદનની અપેક્ષા છે, તેનાથી મોટો ઘટાડો થવાની ભીતિ સતાવી રહી છે. જેનાથી ગ્રામીણ અર્થતંત્ર ઝડપથી વિકસિત થઈ રહ્યું હતું, તેને બ્રેક વાગી શકે છે. ભારત-અમેરિકા ટ્રેડ ડીલ લટકતી રહી છે, તેના વચગાળાના ટેરિફના પણ પરિણામ આવી રહ્યા નથી, તેને અમેરિકા લટકાવી રહ્યું છે, તેને જોતાં હાલમાં ભારતની સ્થિતિ ચારેકોરથી આફતોનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને ક્રુડ ઓઈલ મોંઘવારીની આગને ખૂબ જ ઝડપી ફેલાવશે, જેની અર્થશાસ્ત્રીઓને પણ ચિંતા છે, જેના ઉપર સમગ્ર બજારની નજર રહેલી છે. જેનાથી દેશની પ્રજા પણ મોંઘવારીના મારથી અસતુષ્ટ થઈ શકે છે, જેના રાજકીય સ્તરે પણ ગંભીર પરિણામો લાવી શકે છે.

વિશ્વભરના શેરબજારોમાં આવતીકાલે ક્રુડ ઓઈલ અને સોના-ચાંદીના ભાવોમાં કડાકો ભડાકો જોવા મળશે. જે બ્લેક મન્ડે થવાની પુરેપુરી સંભાવના છે. ત્યારબાદ, વૈશ્વિક પરિબળો કઈ દિશામાં કરવટ લે છે તે જોવાનું રહેશે અને તેના આધારે બજારની ચાલ નક્કી કરશે. પરંતુ હાલની સ્થિતિએ હજુય બજારમાં તેજીની સંભાવના નહિંવત છે, દરેક ઉછાળે નફો વસુલ કરતા રહેવું જોઈએ.

# ભારત અને ઓમાન વચ્ચે ઐતિહાસિક CEPA એક નવા વેપાર પ્રવેશદ્વારને ઊર્જાવાન બનાવ્યો

ભારત-ઓમાન કોમ્પ્રેહેન્સિવ ઇકોનોમિક પાર્ટનરશિપ એગ્રીમેન્ટ (CEPA) અમલમાં આવ્યો છે જે દ્વિપક્ષીય આર્થિક સંબંધોમાં એક નિર્ણાયક સીમાચિહ્નરૂપ છે અને બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક વેપાર અને રોકાણ સહયોગમાં એક પરિવર્તનકારી નવો અધ્યાય શરૂ કરે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને હિઝ મેજેસ્ટી સુલતાન હૈથમ બિન તારિક અલ સૈદની ઉપસ્થિતિમાં 18મી ડિસેમ્બર, 2025ના રોજ મસ્કતમાં ભારત-ઓમાન CEPA પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. બંને પક્ષો દ્વારા આંતરિક પ્રક્રિયાઓ પૂર્ણ કર્યા પછી, આ કરાર હવે 1લી જૂન, 2026થી અમલમાં આવ્યો છે.

અમલીકરણના પ્રારંભને ચિહ્નિત કરવા માટે આ કરાર હેઠળ પ્રિફરેન્શિયલ ટેરિફ લાભો મેળવનારી પ્રથમ કન્સાઇનમેન્ટ્સ જેમાં મુંબઈ, કોલકાતા અને ચેન્નાઈથી કૃષિ અને જેમ્સ એન્ડ જ્વેલરીની નિકાસ સામેલ હતી તેને લીલી ઝંડી બતાવી રવાના કરવામાં આવી હતી.

જેમ્સ એન્ડ જ્વેલરી સેક્ટરમાં વૈશ્વિક જ્વેલરી વેપારમાં ભારતની લીડરશિપ વધારવી,જેમ્સ એન્ડ જ્વેલરી પર 5% સુધીની આયાત ડ્યુટી પ્રથમ દિવસથી જ નાબૂદ કરવામાં આવી છે.ભારતીય નિકાસકારો ઇટાલી, તુર્કી, થાઇલેન્ડ અને ચીનના સ્પર્ધકો સામે માળખાકીય કિંમતનો લાભ મેળવે છે.ઓમાનનું કુલ જેમ્સ એન્ડ જ્વેલરી આયાત બજાર વાર્ષિક 1.07 બિલિયન USD છે. આ ક્ષેત્રમાં ઓમાનમાં ભારતની નિકાસ 2025માં 25.78 મિલિયન USD હતી, જેમાં પોલિશ્ડ નેચરલ ડાયમંડ્સમાં 18.48 મિલિયન USD અને સોનાના દાગીનામાં 6.67 મિલિયન USD સામેલ હતા.

એવું અનુમાન છે કે ત્રણ વર્ષમાં




નિકાસ છ ગણી વધીને 150 મિલિયન USD સુધી પહોંચી શકે છે. ભારતીય સપ્લાયર્સ હવે તેમના સ્પર્ધકો પર માળખાકીય કિંમત અને સ્પર્ધાત્મક લાભ ધરાવે છે, જેઓ તમામ હજુ પણ ઓમાનના ટેરિફનો સામનો કરી રહ્યા છે.સુરત (હીરા), જયપુર (રત્નો), મુંબઈ, કોલકાતા અને ચેન્નાઈના ક્લસ્ટરો આ વૃદ્ધિ મેળવવા માટે યોગ્ય સ્થિતિમાં છે, કારણ કે જેમ્સ એન્ડ જ્વેલરી માટે નવી તકો ખુલી રહી છે અને આ ક્લસ્ટરોમાં રોજગારીમાં વધારો થવાની અપેક્ષા છે.

ઓમાન ગલ્ફ પ્રદેશમાં ભારતનો બીજો સૌથી મોટો વેપાર ભાગીદાર છે અને તેના અદ્યતન બંદર માળખા દ્વારા વ્યાપક GCC બજાર માટે વ્યૂહાત્મક પ્રવેશદ્વાર તરીકે સેવા આપે છે. ભારત અને ઓમાન વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર નાણાકીય વર્ષ 2024-25માં 10.61 બિલિયન USD હતો જે નાણાકીય વર્ષ 2025-26માં વધીને 11.18 બિલિયન USD પર પહોંચ્યો છે, જે હકારાત્મક વલણ દર્શાવે છે. એક સંરચિત વાટાઘાટોની પ્રક્રિયા દ્વારા સફળતાપૂર્વક પૂર્ણ થયેલો આ કરાર માલસામાન, સેવાઓ, વ્યાવસાયિક ગતિશીલતા, નિયમનકારી સહયોગ,

બિઝનેસ વ્યૂ

બિન-ટેરિફ અવરોધ સેફગાર્ડ્સ અને સહયોગના પ્રકરણોને આવરી લઈને, લાંબા ગાળાના આર્થિક માળખાના નિર્માણ માટે ટેરિફ ઘટાડાથી ઘણો આગળ વધીને GCC અર્થતંત્રોમાં ભારતના વધતા આર્થિક અને વ્યાપારી પ્રભાવ અને વ્યૂહાત્મક ઉપસ્થિતિને મજબૂત બનાવે છે.

ઓમાન ગલ્ફ ક્ષેત્રમાં ભારતનો બીજો સૌથી મોટો વેપારી ભાગીદાર છે અને તેના અદ્યતન લોજિસ્ટિક્સ અને બંદર માળખા દ્વારા વિશાળ GCC અને પૂર્વ આફ્રિકન બજારોમાં વ્યૂહાત્મક પ્રવેશદ્વાર તરીકે સેવા આપે છે. ભારત અને ઓમાન વચ્ચે દ્વિપક્ષીય વેપાર નાણાકીય વર્ષ 2025-26 માં USD 11.18 બિલિયન સુધી પહોંચ્યો, જે નાણાકીય વર્ષ 2024-25 માં USD 10.61 બિલિયનથી સતત વૃદ્ધિ નોંધાવે છે.

**એક નવો ટ્રેડ કોરિડોરઃ CEPA ઓમાનમાં ભારતના 99.38 ટકા નિકાસ માટે ઝીરો-ડ્યુટી એક્સેસ ઓફર,કૃષિ અને દરિયાઈ ઉત્પાદનો, ટેક્સટાઈલ, જેમ્સ એન્ડ જ્વેલરી, ફાર્માસ્યુટિકલ્સ, એન્જિનિયરિંગ ગુડ્સ, ફૂટવેર અને ઓટોમોબાઈલ્સના મજબૂત નિકાસ વિસ્તરણ માટે સજ્જ છે**

ભારત-ઓમાન CEPA ગલ્ફ પ્રદેશ સાથે ભારતના ગાઢ જોડાણમાં વધુ એક મુખ્ય સીમાચિહ્નરૂપ છે અને ઉત્પાદન સ્પર્ધાત્મકતા, રોજગાર સર્જન, સેવાઓ નિકાસ અને વૈશ્વિક મૂલ્ય શૃંખલાઓમાં એકીકરણને ટેકો આપતી સ્થિતિસ્થાપક, વિશ્વસનીય અને વૈવિધ્યસભર વેપાર ભાગીદારી બનાવવાની ભારતની વ્યાપક વ્યૂહરચનાનું પ્રતિબિંબ પાડે છે.

CEPAના અમલીકરણ પર બોલતા પીયૂષ ગોયલે કહ્યું હતું કે: "ભારત-ઓમાન CEPA ઓમાન સાથેના ભારતના જોડાણમાં એક નિર્ણાયક સીમાચિહ્નરૂપ છે અને તે ખેડૂતો, માછીમારો, યુવાનો, મહિલાઓ, સાહસિકો અને MSMEs માટે લાભો પ્રદાન કરતી વેપાર ભાગીદારી બનાવવાના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને પ્રતિબિંબિત કરે છે.